સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

નથી ઊંડાણ બૌધિક, અસંસ્કાર મલકે છે,
વાણીમાં ઇર્ષા, અંગત રાગદ્વેષ ઝલકે છે
હલકે સ્તરે થાય નિવેદન ઉચ્ચ સ્તરેથી -
પીઠ મૂખેથી પણ આછકલાઇ છલકે છે
(હવે શીંદેએ નિવેદન પાછું ખેંચ્યું)

ભરાય ડેમો
જાણે બોદાં વચન -
ગ્રાંટ વગર..
(વરસાદ વગર...)

ઉત્સવ - મેળા -
જાણે ભાડૂતી ભીડ,
ગ્રાંટ વગર..
(વરસાદ વગર)

ચિંતન

સુજીર્ણમન્નં સુવિચક્ષણઃ સુતઃ સુશાસિતા સ્ત્રી નૃપતિઃ સુસેવિતઃ ।
સુચિન્ત્યયોક્તં સુવિચાર્ય ચત્કૃતં સુદીર્ઘકાલેઅપિ ન યાતિ વિક્રિયામ્ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'સામાન્ય નીતિ'નો આ શ્લોક છે :

સારી રીતે પચી ગયેલું અન્ન, સારી રીતે સંસ્કાર દ્વારા કેળવાયેલો પુત્ર, સારી રીતે બધા પ્રકારની આજ્ઞામાં રહેનારી સ્ત્રી, સારી રીતે સેવા કરાયેલો (વફાદારીપૂર્વક) રાજા, સારી રીતે વિચાર કરીને બોલાયેલું વચન-વાક્ય, અને વિચારપૂર્વક - કરાયેલું કર્મઃ આટલી બાબતો ઘણાં લાંબા સમય પછી પણ વિકારને પ્રાપ્ત થતી નથી અર્થાત સારી રીતે ફળ-પરિણામ-આપનારી બને છે.

અન્ન શુધ્ધ, જૂનું અને હલ્લું હોય તો પાચનમાં વાંધો આવતો નથી એવું અન્ન ખાવાથી શરીરને સાત્ત્વિકતા સાથે લોહી શુધ્ધિ અને શક્તિ મળે છે. જૂનું થાય તોય એવું અન્ન બગડતું નથી.

સંસ્કારી - વિનયી પુત્ર મોટો થાય તો પણ એને સંસારના રંગ લાગતા નથી અને એવો જ આજ્ઞાંકિત રહે છે.

આજ્ઞાપાલન કરનારી સ્ત્રી જિંદગીભર મર્યાદાનું પાલન કરે છે. પતિના ગુણ-અવગુણને લક્ષમાં લીધા વિના ઘરની મર્યાદા સાચવી રાખે છે.

વિચારપૂર્વક-સંયમથી બોલાયેલી વાણીથી વાણી અને કર્મથી ક્યારેય પશ્ચાતાપ-દુઃખ થતાં નથી.

સુવિચાર

- આપણી ચિત્તવૃત્તિઓનો, આપણા સ્વભાવ પર જેવો પ્રભાવ પડે છે તે જ દુઃખનું કારણ છે - ગીતાજી
- દુઃખીને મદદ માટે લંબાવેલો એક હાથ પ્રાર્થના માટે જોડેલા બે હાથ કરતાં વધુ સાર્થક છે - વિવેકાનંદ
- દુઃખ અને આપત્તિઓ એ જીવનમાં અનુભવ આપતી તાલીમશાળા છે - એસ. ભટ્ટાચાર્ય
- ધન કમાવામાં, સાચવવામાં, ખોવામાં અને વાપરવામાં દુઃખ જ છે એટલે કે ધનનું બીજું નામ 'દુઃખ' છે - પંચતંત્ર
- દુઃખમાં થાકી-હારી બેસી જવાની જરૂર નથી તો દુઃખ તો શક્તિ સંપાદનની માનસ ક્રિયા છે - ખલીલ જિબ્રાન
- દુઃખી થવાનો ટૂંકો અને સરળ સરળ માર્ગ એટલે સુખની ચિંતા કર્યા કરવી - માતાજી
- દુઃખ કંઇ ભગવાન મોકલતા નથી, આપણે તેને મન અને હૃદયથી આમંત્રણ આપીએ છીએ - મેરી કરોલી

બોધ કથા

આપણે જાણીએ અને અનુભવીએ છીએ કે આજકાલ લોકસભા અને વિધાનસભાના સભ્યો તો જાણે 'ગુજરી બજાર'ના ઢોર મેળાના વેંચાઉ પશુ જેવા થઇ ગયા છે તેમની કિંમત બોલાય અને પક્ષના ખીલા બદલતા રહે અને પ્રશ્નો પૂછવાના પણ પૈસા લઇ લે, આ સમાજના આપણા જ પ્રતિનિધિ.. આજે કોનું પતન થયુ છે સમાજનું કે નેતૃત્વનું?!

બ્રિટિશરાજ ચાલતું હતું. સર પુરૂષોત્તમદાસ ઠાકુરદાસ ઉચ્ચ સમાજસેવક હતા. બ્રિટિશ સરકારને ઇસ્ટ ઇન્ડિયા કંપની જે રેલ્વે તંત્ર સંભાળતી હતી તેના પર કાબૂ મેળવી લેવાં હતો. એમાં એક સમિતિને સર્વોચ્ચ સત્તા હતી. આ સમિતિના સાત સભ્યો હતા. ત્રણ ઇસ્ટ ઇન્ડિયા કંપનીના અને ત્રણ બ્રિટીશ સરકારના. સર પુરૂષોત્તમદાસ સાતમા સભ્ય હતા. પણ તેમના મત 'નિર્ણાયક' અને મહત્ત્વનો હતો.

બ્રિટિશ અધિકારી તેમને મળવા આવ્યો અને કહ્યું ઠાકુર? જો તમે બ્રિટિશ સરકારની તરફેણમાં મત આપશો તો તમને ત્રણ વર્ષ સુધી સરકાર સાત-સાત રૂપિયા ચૂકવશે અને રેલ્વેના મેનેજિંગ ટ્રસ્ટીનું પદ આપશે..

ઠાકુરે કહ્યું મતના બદલામાં તમે મને ખરીદી નહીં શકો હું મારી જાતની સાથે છેતરપીંડી કરતો નથી. મારો મત મૂલ્યવાન છે તે આ રીતે વેંચી ન શકાય.

.. અને બ્રિટિશ સરકારની રેલ્વતંત્ર પર કાબૂ મેળવવાની મૂરાદ મનમાં જ રહી ગઇ.

જીવનસાથીને નારાજ કરવાને બદલે પ્રસંગોનુસાર એની લાગણીને સમજવાનો પ્રયત્ન કરો, ક્યારેક થોડું જતું કરતાં શીખો

હું રસ્તે રઝળતી વારતા

- અચના પટેલ

થોડા દિવસ પહેલા ભાઇ-બહેનના પવિત્ર સંબંધનો તહેવાર ખૂબ ધામધૂમથી ઉજવાઇ ગયો. જેને આપણે રક્ષાબંધન તરીકે ઉજવીએ છીએ. આ એક એવો તહેવાર છે. જેના કેન્દ્ર સ્થાને બહેનો છે. દરેક બહેન આ તહેવારને પૂરા હોંશથી, ઉત્સાહથી અને પ્રેમથી ઉજવી પોતાના ભાઇના સારા જીવન માટે પ્રાર્થના કરતી હોય છે. પણ, ક્યારેક નાની બાબતે મોટા પરિણામ ભોગવવા પડે છે. આ એટલા માટે બેન કે દરેક ઘરમાં માતા-પત્ની, ભાભી કે કાકીએ કોઇની બહેન છે. પોતાના ભાઇને રાખડી બાંધવા જવાનું હોવાથી પોતાની નણંદ વહેલી આવી ભાઇને રાખડી બાંધી જાય એવી અપેક્ષા દરેક સ્ત્રી રાખતી હોય છે.

રક્ષાબંધનના બીજા દિવસના સમાચારપત્રમાં બહેનોએ આત્મહત્યા કર્યાના સમાચાર વાંચવા મળે છે. આવા સમાચાર વાંચીને આપણને ચોક્કસ આશ્ચર્ય થાય છે પત્ની પોતાના પતિ પાસે પિયર જવાની માંગણી કરે, પતિ તેને જવાની ના પાડે અથવા મોડેથી જવાનું કહે. બસ આટલી વાતમાં ખોટું લાગી જતાં તે ગળો ટૂંપો ખાઇ લે અથવા દવા પીને પોતાનું જીવન ટૂંકાવી દે છે.

રક્ષાબંધનના દિવસે ઘણા બધા ઘરોમાં નીચેના જેવી ઘટનાઓ બનતી હોય છે. જેને અહીં કાલ્પનિક સ્વરૂપે રજૂ કરવામાં આવી છે. ચંપા માસીને એક દીકરો અને એક દીકરી છે. બંને સંતાનોને સારા ઘરે પરણાવી દીધાની ખુશી ચંપા માસીનાં ચહેરા ઉપર જોવા મળતી હતી. એમની દીકરી દિશાને અમદાવાદમાં પરણાવેલી હોવાથી પોતાના ભાઇ અનુજને રાખડી બાંધવા આવવા માટે મોડું થયું. અનુજની પત્ની સુનિધિ સવારથી જ રાહ જોઇ રહી હતી કે પોતાના નાની અને લાડલી નણંદ ક્યારે આવીને એના ભાઇને રાખડી બાંધી જાય પછી પોતે પિયર જઇને ભાઇને રાખડી બાંધી આવે.

સુનિધિએ સવારે વહેલી ઊઠીને એણે સરસ મજાની રસોઇ તૈયાર કરી નાખી હતી. જેથી તહેવારનો સમય વ્યવસ્થિત રીતે જળવાઇ રહે. એની નણંદ આવી અને ભાઇને રાખડી બાંધી, જમીને ગઇ. તે પછી વાસણ - રસોડાનું સાફ કરીને સુનિધિએ જ્યારે પોતાના ભાઇને રાખડી બાંધવા જવા નીકળી ત્યારે બપોરના સમયની પૂર્ણાહૂતિ થઇ રહી હતી. ઘરેથી નીકળતી વખતે અનુજે એને કહ્યું કે, સાંજે સમયસર આવતી રહેજે. મારા કાકાની દીકરી રાખડી બાંધવા આવવાની છે. આટલું સાંભળીને સુનિધિને તહેવારની કોઇ હોંશ જ ન રહીં. એને થયું, એક દિવસ પોતાના ભાઇ માટે ફાળવવાની પણ એને નવરાશ નથી. આ તો શું જિંદગી છે? કાકાજીની દીકરી આજે નહીં અને કાલે સવારે આવે તો શો વાંધો? અનુજને હંમેશા પોતાની બહેનોની ચિંતા વધારે હોય છે. પોતાની પત્નીના ભાઇ-બહેનો પણ છે એનો કેમ વિચાર ક્યારે કરતો નથી? શું મારા પિયરવાળાને મારી અપેક્ષા ન હોય? આમ વિચારતા વિચારતાં સુનિધિ એ રાતે ખૂબ રડી.

રોજિંદા જીવનમાં કંઇક નવીનતા લાવવા માટે વાર-તહેવાર આપણી સંસ્કૃતિનો એક મહત્ત્વનો હિસ્સો છે. એમાં દરેક માણસને એક સરખી રીતે સામેલ થવાની ઇચ્છા હોય અને ખાસ કરીને જ્યારે રક્ષાબંધન જેવો તહેવાર આવતો હોય ત્યારે પરિણિત બહેનોને વધારે ચિંતા રહે છે. કે પોતે કેવી રીતે સાસરીયામાં અને પિયરમાં એમ બંને પક્ષને સાચવે? એક પક્ષને સાચવવા જતાં બીજા પક્ષને મનદુઃખ થયા વિના રહે નહીં. ક્યારેક એવો પણ વિચાર આવે કે શું પતિ એટલું નહીં સમજતો હોય કે જેમ પોતાની બહેન ભાઇને રાખડી બાંધવા ઉત્સુક છે એ જ રીતે પત્નીને પણ એના ભાઇને રાખડી બાંધવા જવાની આતુરડા હોય.

ઘણીવાર પોતાના પાત્રની લાગણીને ન સમજીને વૈવહારિક જીવનમાં આ રીતે અનાયાસે જ મનદુઃખ થાય છે. અને ધીરે ધીરે આ મનદુઃખ વધારે ને વધારે મોટું સ્વરૂપ ધારણ કરતું જાય છે. જેના લીધે પતિ-પત્નીના સંબંધોમાં તિરાડ પડી જાય છે. પણ જો આવું ન થવા દેવું હોય તો વારે-તહેવારે અને પ્રસંગો પ્રમાણે પોતાના પરિવારને મહત્ત્વ આપો છો. એ જ રીતે જીવનસાથીની લાગણીઓનું માન રાખવાથી એનો મનમાં તમારા પ્રત્યે માન, પ્રેમ અને સદ્‌ભાવનામાં વધારો થશે. એટલું જ નહીં, ક્યારેક એ સામે ચાલીને કહેશે કે પહેલાં આપણે ત્યાં આવી જવા દો, પછી આપણે ત્યાં જઇશું.

પતિ-પત્નિના સંબંધો વચ્ચેની સમજદારી એમનાં દાંપત્યજીવનને વધુ ગાઢ બનાવે છે, આ સાથે જ સાથીદારના સગાસંબંધીઓનાં મનમાં પણ તમારા પ્રત્યે માન ઉત્પન્ન કરે છે. એક પક્ષ જીદ પકડી રાખવાથી જેમ અનુજે કર્યું એ રીતે કરવાથી સાથીદાર માની તો જશે, પણ એને તમારા કે તમારી સાથેના પરિજનો માટે એ લાગણી નહીં રહે જે અત્યાર સુધી હતી. આના પરિણામે દાંપત્ય જીવનમાં જે એકરૂપતા હોય, ને ધીરે ધીરે ખતમ થવા લાગે છે. એકબીજાના સંબંધો વચ્ચે મતભેદની શરૂઆત થઇ જાય છે. અને મારા-તારાની ભાવના સંબંધોમાં તિરાડ કરવા લાગે છે, આના પરિણામે પરિવારજનો તો ઠીક, પતિ-પત્ની વચ્ચે પણ મનમેળ રહેતો નથી. આ મનમેળ જળવાઇ રહે એ માટે મને ક્યારેક પ્રિયપાત્રની લાગણી. એના સગાસંબંધીઓ, સહેલીઓ માટે ભાવ બતાવો અને એની ઇચ્છાને માન આપો. માની લો કે તમે એવું માનો છો કે પત્નીને પોતાના પિયરીયાં પ્રત્યે ક્યારેક વધારે લાગણી હોય એ સ્વાભાવિક છે. સ્ત્રી હંમેશા પોતાના પિયર માટે ખેંચાણ ધરાવતી હોય છે.

તમારી પત્ની આજે ભલે તમારી હોય, તમારી સાથે હોય, એ પણ અંતે તો કોઇ ભાઇની બહેન પણ છે એ વાત ભૂલવી ન જોઇએ. એ નાનપણથી એ જે માતા-પિતાની છત્રછાયામાં મોટી થઇ હોય જે લાડકોડથી એનો ઉછેર થયો હોય. જે ભાઇ બહેન સાથે આંગણામાં રમી છે. એમના માટે પણ એને ખેંચાણ તો રહેવાનું જ. જે રીતે તમને તમારી બહેન કે ભાઇ પ્રત્યે લાગણી છે અને ઇચ્છો છો કે, તમારૂં પાત્ર પણ એમને એટલું જ મહત્વ આપે, તો સામે તમારે પણ મહત્વ આપતાં શીખવું પડશે. એના માટે માનની ભાવના દાખવવી જરૂરી છે. મોટાભાગે આપણે જોઇએ છીએ કે પત્નીએ કાયમ વાર-તહેવારે જતું કરવાની ભાવના જ કેળવવી પડે છે. આવું શા માટે? શું એ એક સ્ત્રી છે. પત્ની છે. એથી કરીને એને એ અધિકાર નથી કે પોતે પોતાની ઇચ્છાનુસાર તહેવાર કે પ્રસંગોનુસાર આનંદ માણે. થોડો સમય પોતાના માતા-પિતા કે ભાઇ-ભાભી સાથે પસાર કરે? માલિકીપણાનો દાવો કરવાને બદલે એના પ્રત્યે સહાનુભૂતિની ભાવના કેળવો અને પછી જુઓ કે તમારા પરિવાર પ્રત્યે તમારૂં જીવનસાથી કેવી લાગણી દર્શાવે છે.

કેટલીક વાર અંગતજીવનમાં ખટરાગ ઉભો કરવામાં આવી નાની છતાં મહત્વની બાબતો ઘણો મોટો ભાગ ભજવતી હોય છે. જીવનસાથીને નારાજ કરવાને બદલે પ્રસંગોનુસાર એની લાગણીને સમજવાનો પ્રયત્ન કરો. ક્યારેક થોડું જતું કરતાં શીખો. કોઇ વાર પત્નીને પિયર જવાની ઇચ્છા હોય. પોતાના માતા-પિતા, ભાઇ-બહેનને મળવાની ઇચ્છા હોય તો સ્વાભાવિક છે. એ સાસરે આવી જીવનસાથીના પરિવારજનોને પોતાના બનાવી રહે છે. એવામાં પતિની પણ એ ફરજ બને છે કે પત્નીની ભાવનાને સમજે. એની લાગણીની કદર કરે. જે રીતે પત્ની પોતાના પરિવારજનોને અપનાવીને રહે છે. એ રીતે પતિએ પણ પત્નીના પરિવારજનોને અપનાવવાનો, એમને માન-સન્માન આપવાનો અને તેમની લાગણીને સમજવાની જરૂર છે.

બની શકે કે પત્ની ક્યારેક વધારે પડતી લાગણીશીલ હોય અને જીવનસાથીના વર્તનથી એના દિલને ઠેલ પહોંચે એવું બને તો આવા સંજોગોમાં જો જીવનસાથી પ્રત્યે એના પરિવારજનો પ્રત્યે પ્રસંગનું મહત્વ સમજીને એની ઇચ્છાને પણ માન આપવું જોઇએ. જીવનસાથીની લાગણીને સમજીને એને પણ માન આપો. એના પરિવારજનોને માન આપવાથી આપોઆપ જીવનસાથીના મનમાં તમારા માટે પણ પ્રેમ અને માન ઉત્પન્ન થશે. એને ખ્યાલ આવશે કે જો જીવનસાથી પોતાની આટલી કાળજી રાખે છે, તો પોતે પણ એ રીતે જ વર્તવું જોઇએ. આ રીતે દંપતી એકબીજા સાથે થોડું સમાધાન કરીને રહેલો દામ્પત્યજીવન વધારે સુખમય બની રહે છે. જે રીતે તમને તમારા પરિવાર માટે ભાવ છે. એ જ ભાવ અને માન જીવનસાથીના પરિવારને પણ આપવાથી તમારા સંબંધો જ પ્રગાઢ બનશે.

જો દરેક જીવનસાથી આટલું વિચારીને જીવે તો ઘરમાં થતાં નાના-મોટા ઘણા ઝઘડાઓનું નિરાકરણ થઇ જશે.

ગુજરાત સરકારે થોડાં વર્ષોથી પ્રવાસન ઉદ્યોગને વિકસાવવા જે પ્રયત્નો કર્યા તેના કારણે ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રે સારી કામગીરી થઈ રહી છે

પ્રવાસન અભ્યાસનું ઉપયોગી પુસ્તક

- નટવર હેડાઉ

ગુજરાતીઓ પ્રવાસના શોખીન છે. આપણા રાજયમાં પ્રવાસનમાં અનેક સ્થળો છે તે ઉપરાંત ભારતમાં ગમે તે રાજયમાં પ્રવાસ માટે જાઓ તો ત્યાં સૌથી વધુ ગુજરાતી પ્રવાસીઓ જોવા મળે છે. એ રીતે હવે તો યુરોપ અને અમેરીકા હોય કે પછી થાઈલેન્ડ, સિંગાપુર કે ઓમાન હોય ત્યાં ગુજરાતી પ્રવાસીઓ જોવા મળે છે. ગુજરાતીઓ પ્રવાસનના આટલા શોખીન હોવા છતાં ગુજરાતમાં પ્રવાસીન ઉદ્યોગને જે વેગ મળવો જોઈએ તેટલો અત્યાર સુધી મળ્યો ન હતો. પરંતુ ગુજરાત સરકારે થોડાં વર્ષોથી પ્રવાસન ઉદ્યોગને વિકસાવવા જે પ્રયત્નો કર્યા તેના કારણે ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રે સારી કામગીરી થઈ રહી છે. 'ખુશ્બુ ગુજરાત કી' જેવી અમિતાભ બચ્ચનની જાહેરાતને ગુજરાત આવવા માટે પ્રવાસીઓને પ્રોત્સાહિત કર્યા છે અને પ્રવાસન ઉદ્યોગ વિકાસ પામી રહ્યો છે. ત્યારે પ્રવાસનને એક વ્યવસાય તરીકે વિકસાવવામાં આવે તો તેમાં ઘણી તકો પડેલી છે. તે માટેના કુશળ અને જાણકાર વ્યક્તિઓની પણ જરૂર પડતી હોય છે. તે માટેના અભ્યાસક્રમો આપણે ત્યાં ચાલે છે. પરંતુ તેનું મોટાભાગનું સાહિત્ય અંગ્રેજી કે હિન્દીમાં ઉપલબ્ધ છે. ગુજરાતીમાં તે નહીંવત મળે છે આ હેતુને ધ્યાનમાં રાખી હાલમાં પ્રવાસનઃ સિધ્ધાંત અને વ્યવહાર નામનું પુસ્તક પ્રગટ થયું છે. જે ખૂબ જ ઉપયોગી નીવડે તેવું છે.

પ્રવાસન વ્યવસાયીક ક્ષેત્રે ઘણી નવી તકો પૂરી પાડનારૂં ક્ષેત્ર છે. અઢળક દેશી અને વિદેશી હૂંડિયામણ રળી આપનાર આ ઉદ્યોગ આજે વિકાસની ચરમ સીમાએ છે. પ્રવાસન ક્ષેત્રના સીધા દાયરામાં આવતાં આવાસ-નિવાસ, પરિવહન અને ભોજન જેવા ઉદ્યોગો કમાણીના મોટા માધ્યમો બની ગયા છે. પરિણામે તેમાં વ્યવસાયની અઢળક તકો આજે પણ હયાત છે. પણ તેમાં તાલીમ પામેલ માનવ સંશાધન ઉપલબ્ધ નથી અને એટલે ગુજરાતની તમામ યુનિવર્સિટી પ્રવાસન ઉદ્યોગનીએ જરૂરીયાતને પૂરી કરવા પોતાના વિશ્વવિદ્યાલયોમાં પ્રવાસનને લગતા અભ્યાસક્રમો આરંભી રહી છે. ત્યારે યુ.જી.સી.ની માર્ગદર્શિકા મુજબ ઈતિહાસ વિષયમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ દાખલ કરવામાં આવેલ પ્રવાસનના પેપર માટે આ સંદર્ભ પુસ્તક વિશેષ રીતે તૈયાર કરવામાં આવેલ છે.

પ્રવાસન : સિધ્ધાંત અને વ્યવહાર પુસ્તક કુલ-૨ વિભાગોમાં વહેંચાયેલું છે. જેમાં વિભાગ-૧ પ્રવાસનના સિધ્ધાંતને સમજાવે છે. જેમાં પ્રવાસનઃ શબ્દ અને વ્યાખ્યા, પ્રવાસીની વ્યાખ્યા અને તેના પ્રકારો, પ્રવાસનના ઉદ્દેશો, પ્રવાસના પ્રકારો, પ્રવાસમાં આવાસ, પ્રવાસન અને પરિવહન, પ્રવાસન ઉત્પાદન, ગાઈડ, એસ્કોર્ટ અને મ્યુઝિયમનો ઈતિહાસ વિગેરે બાબતોને ખુબ સૈધ્ધાંતિક દૃષ્ટિએ સમજાવવામાં આવેલ છે. જયારે વિભાગ-૨ ગુજરાતીમાં પ્રવાસનની વિગતો પ્રચુર માહિતીસર આપે છે. જેમ કે - ગુજરાત અને પ્રવાસન ગુજરાતના ઐતિહાસિક, નગરો, ઐતિહાસિક નગરી અમદાવાદ, ગુજરાતનાં ઐતિહાસિક સ્થાનો, ગુજરાતના ધાર્મિક યાત્રાધામો, ભોમિયા વિના માટે ભમવા'તા ડુંગરા, ગુજરાતના અભ્યારણ્યોસ સાગર તટની સમૃદ્ધિ અને ગુજરાતના અગત્યના મ્યુઝિયમોની માહિતી મળી રહે છે.



આપણા રાષ્ટ્રકવિ ઝવેરચંદ મેઘાણી પ્રવાસને એક રોમાંચક સફર તરીકે જુએ છે તેથી તેમણે લખ્યું છે કે,

ઘટમાં ઘોડા થનગને,
આતમ વીંઝે પાંખ,
વણ દીઠેલી ભોમ પર,
યૌવન માંડે આંખ.

તો ગુજરાતના જાણીતા કવિ ઉમાશંકર જોશીએ લખ્યું કે,

ભોમિયા વિના મારે ભમવાતા ડુંગરા,
જંગલની કુંજ કુંજ જોવી હતી...

(અનુસંધાન પાના નં. ૬ પર)

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૧૩મી ઓગષ્ટ

- સ્વાતંત્ર્ય સંગ્રામના યશસ્વી શહીદ ખુદીરામ બોઝનો જન્મ ૧૮૯૦માં થયો. હાથમાં ગીતા રાખીને ત્રણ વખત વંદે માતરમ્‌ના નારા લગાવી ફાંસી પર ચડનારા ખુદીરામ બોઝ ૧૩-૮-૧૯૦૮માં શહીદ થયા.
- હિન્દુસ્તાન ટ્રેનર બની પહેલું ભારતીય વિમાન બેંગ્લોર ખાતે તૈયાર થયું - ૧૯૫૦.
- બ્રિટીશ વિજ્ઞાની, કથા લેખક 'એચ.જી. વેલ્સ'નું અવસાન - ૧૯૪૬.
- ફ્લોરેન્સ નાઇટિંગેલનું અવસાન ૧૯૧૦.

મારો પતિ દેવો મારી સાથે વિશ્વાસઘાત કરી ભાગી ગયો અને મને ગર્ભવતી છોડીને પ્રેમલગ્ન કરી લીધા એ સમાચાર મળતા મારી ડગળી ચસકી ગઇ અને હું પાગલ થઇ ગઇ...

પરણેતરની પ્રીત

(સામાજિક ધારાવાહિક : પ્રકરણ-૨૭)

- જયંતીલાલ મકવાણા

આશાના વતનમાં એના પિતાજી અને ગામના અન્ય લોકો સાથે આશાની મુલાકાત કરાવતા ગામડાનાં લોકો આશ્ચર્યચકિત થઇ ગયેલા. આશાનું પાગલ પણું તદ્દન જતું રહેલ. હવે આશા એક સંસ્કારી, ડાહી, શિક્ષિત સ્ત્રી બની ગયેલ તેણી ખુબ જ આકર્ષક શોભતી હતી.

આશાના ગામડેથી પાછા ફરતાં સંધ્યા, ગૃહમાતા અને આશાને નારી કેન્દ્ર પર ઉતારીને ઘરે જવા નીકળી.

નારી કેન્દ્ર પર પહોંચતા દરરોજની પ્રવૃત્તિ મુજબ આશા પ્રાર્થનામાં જોડાઇ ગઇ પછી જમી પરવાનીને આશા તેની રૂમમાં ગઇ.

આશાએ રૂમમાં આવી પોતાની પથારી વ્યવસ્થિત પાથરી રૂમમાં આટાં મારતાં મારતાં બારી ખોલી તો આહ્લાદક હવાની લહેરો એ આશાના મગજને ઢંઢોળી નાખ્યું હોય તેમ તેણે દૂર દૂર દૃષ્ટિ કરી તો ચંદ્ર આકાશમાં વાદળીઓ વચ્ચે આંખ મિચોલી કરતો આગળ વધ્યે જતો હતો. તારાના ઝુમખાથી સમગ્ર આકાશ મંડળમાં ઝગમગતા વિખરાયેલો તારાઓ કુદરતી સુંદરતામાં વધારો કરતા, ને ખરતા તારાઓથી જુદા જ પ્રકારનું કુદરતી સૌંદર્ય શોભી ઉઠતાં દૃશ્ય મનમોહક લાગતું હતુ.;

નારી કેન્દ્રથી થોડે દૂર લગ્ન મંડપ તરફ જઇ રહેલા વરઘોડાની જાનડીઓ લગ્ન ગીતો ગાઇ રહી હતી. જાનૈયાઓ ફટાકડાંની આતશબાજી કરતાં અવકાશમાં રંગબેરંગી તારાઓ ઝગમગતા હોય તેવા રોકેટો જાનૈયો છોડતાં હતાં. ધરતીપર જુદા જુદા રંગીન ફુવારાના તણખાથી વાતાવરણની શોભઆ મનમોહક લાગતી હતી. બંદૂક અને બોમ્બના ધડાકાથી વાતાવરણ ગર્જી ઉઠતું હતું. વરઘોડામાં થતી આતશબાજીનું દૃશ્ય જોતા આશા અતિતમાં સરકરવા લાગી.

આવી જ આતશબાજી આવા જ બોમ્બના ધડાકા, રંગબેરંગી ફુવારા અને બંદૂકના ધડાકા થતાં વરઘોડો લગ્ન મંડપ તરફ આગળ વધી રહ્યો હતો.

જાનડીઓ લાંબા સૂરમાં લગ્ન ગીતો ગાઇ રહી હતી. વરરાજાની બહેન વરના માથા પર ઘૂઘરો વગાડતાં લગ્ન ગીતો ગાઇ રહી હતી. વરરાજાના હાથમાં સોનેરી મિયાન વાળઈ તલવાર ઝગમગતી હતી. રથમાંથી ઉતરી વરરાજા ધીમા ધીમા પગલાં ભરતાં પ્રવેશ દ્વાર આગળ આવી ઉભા રહી ગયા. કન્યા પક્ષની બહેનો અને કન્યાની માતાએ જમાઇના પોંખણા કર્યા, ને પછી વરના મામા કન્યાને પ્રવેશ દ્વાર આગળ તેડી લાવ્યાને વરરાજાના ગળામાં ફૂલનો સુગંધીત હાર પહેરાવતા વરકન્યાની આંખો મળતા બંનેએ મંદ મંદ સ્મિત કરી દીધું.

પછી વરરાજા લગ્નમંડપમાં પ્રવેશ કરતાં અગ્નિની સાક્ષઈએ ફેરા ફર્યા. પતિ-પત્ની જીવનભરના બંધનમાં બંધાયા. કન્યા વિદાય પ્રસંગે મા-બાપને ખભે માથું ઢાળી દઇ આશા ચોધાર આંસુડે રડી પડતાં, માતાએ આશ્વાસન આપી એકની એક દીકરીને ભારે હૈયે વિદાય આપેલ.

હા... અને એજ સોહાગરાત... લગ્ન પછીના પ્રવાસ દરમિયાન પર્વતાળ પ્રદેશ પર મુક્ત મને એકબીજા હાથની આંગળીઓનાં આંકડા બીડી ખીલખીલાટ હસતાં ફરતાં આનંદ માણતા ઝરમર ઝરમર વરસાદ વરસવો શરૂ થઇ ગયેલ, ચોતરફ ડુંગરોથી ઘેરાયેલ પર્વતમાળાની વચ્ચે માત્ર અમે પતિપત્ની ભીંજાતા રહ્યાં. અને એકાએક અનરાધાર વરસાદ તૂટી પડતા અમે બંને એકબીજાના બાહુપાસમાં ઝકડાઇ ગયેલ અમે ખુબ ભીંજાયેલા એ લગ્નજીવનું સુખદ સંભારણું બની ગયેલ. વરસતા વરસાદમાં હિલ સ્ટેશન પરની ઘટના બની ગઇ ને પ્રવાસ યાદગાર બની ગયો.

પછી સીમંત ભરીને પિયર જવાનો સમય થયો ત્યારે હું અને દેવું ખુબ જ રડેલા. પિયર જતાં પહેલાં મેં દેવાને કહેલ, 'પરીક્ષા પુરી થાય પછી મને મળવા આવજે.' ત્યારે તેણે મને કહેલ 'હા... અમુ હું જરૂર મળવા તો આવીશા તારી જુદાઇથી તારી યાદના ભણકારા મને વાગતાં રહે છે.'

આ સમયે મેં એની મશ્કરી કરતા કહેલ કે કોઇ કોલેજિયન છોકરી મળી જાય તો ભુલી તો નહીં જાને!'

ત્યારે દેવાએ મને કહેલ હા, કદાચ કોઇ રૂપાળો છોકરી સાથે પ્રેમ થઇ જાય તો તને ભૂલી પણ જાઉં. અને અમે બંને હસી પડેલા, આમ સીમંત ભરી મને તેડી ગયેલા ત્યારે દેવો મારા પિયર જવાથી આંસુ સારતો મને જોઇ રહેલો.

સમય જતાં મને પ્રસુતાની પીડા થવા લાગી. આવા સમયે ગામમાં વાતો થવા લાગી કે આશાનો પતિ કોઇ કોલેજિયન છોકરીને લઇને ભાગી ગયો. અને કોર્ટમાં જઇ પ્રેમલગ્ન કરી દીધા.

મારો પતિ દેવો મારી સાથે વિશ્વાસઘાત કરી ભાગી ગયો અને મને ગર્ભવતી છોડીને પ્રેમલગ્ન કરી લીધા. એ સમાચાર મળતા મારી ડગળી ચસકી ગઇ અને હું પાગલ થઇ ગઇ... મારા ગાંડપણમાં પ્રસુતાની પીડા મારાથી સહન થઇ શકે તેમ હતી નહી. મારી માતાએ અને ગામની સ્ત્રીઓએ મને પકડીને રૂમમાં પુરી દીધી. મને ખાટલામાં સુવાડતા હું ચીસો પાડતી રહી અને સુયાણી મારી નજર સમક્ષ તરવરતી હતી. ત્યાર પછીની કોઇ પમ સ્મૃતિ મને રહી નથી, અને હું પાગલ થઇ ગઇ. ગામની શેરીઓમાં બજારમાં ચિંથરેહાલ ભટકતી હતી.

આશા લઘરવગર, માથાના વાળ છૂટા હોય, પહેરેલા કપડાનું કાંઇ ભાન ન હોય અને હાથમાં દેવાનો ફોટો જઇ રોડ પર ગાંડપણ કરતી કરતી લોકોને પુછતી 'તમે મારા પતિને જોયા છે? માકા પતિ મને તેડવા આવવાના છે?'

આશા ગાંડી થઈને જુદા જુદા પ્રકારના ચેનચાળા કરતી બજારમાં ભટકતી રહેતી, તેની પાછળ ગામના છોકરાઓ ગાંડી... ગાંડી... કહેતા ચીડવતા હતા. કોઇ છોકરા એનો સાડલો ખેંચે તો કોઇ એના વાળ ખેંચી ભાગી જતા આથી આશા ચિચિયારી કરતા. છોકરાઓ પાછળ દોડતી એટલે છોકરાં ડરીને ભાગી જતા.

(અનુસંધાન પાના નં. ૬ પર)